

# ઉત્થાન
Utthan

### પરિકલ્પના

એક એવા ખુશહાલ સમાજનું અસ્તિત્વ જેમાં સામાજિક ન્યાય, સમાનતા અને શાંતિ પ્રવર્તે

### ધ્યેય

અતિ-વંચિત સમુદાયો સાથે રહી; ટકાઉ, પ્રામાણિક, સંવેદનશીલ તથા સ્થાનિક સશકિતકરણની પ્રક્રિયા દ્વારા તેમને સંગઠિત કરી તેમના મુખ્ય મુદ્દાઓને વેગ આપવાની પહેલ કરવી

# ઉત્થાનની અનોખી વિશેષતાઓ

- વિકાસ અને સશક્તિકરણના તમામ પ્રયાસોમાં સમતા અને ન્યાયના સમન્વયનું પ્રદર્શન કર્યું.
- આવા પ્રદર્શનો દ્વારા ઉત્થાને સામાજિક-તકનીકી વિકલ્પો સાથેની સંસ્થા તરીકેની પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી છે જે અતિવંચિત લોકોના પ્રશ્નોને સંબોધિત કરે છે.
- સ્થાનિક સમસ્યાઓનું નિરાકરણ લાવવા અને સ્થાનિક કાર્યક્રમોનું સંચાલન કરવા માટે સ્થાનિક વિસ્તારોના યુવકો અને મહિલાઓ એમ બંનેની ટીમો સ્થાનિક સ્તરે બનાવી છે. છેલ્લા ૧૫ વર્ષ કરતાં પણ વધુ સમયથી મોટી સંખ્યામાં સભ્યો ઉત્થાન સાથે સંકળાયેલાં છે, જે સંસ્થાના વિકાસ અને શીખવાની જગ્યાને પ્રતિબિંબિત કરે છે.

# સિદ્ધિઓ

ઉત્થાન લગભગ છેલ્લા ૪૦ વર્ષથી અમદાવાદ, અમરેલી, ભાવનગર અને કચ્છના દુષ્કાળગ્રસ્ત દરિયાકાંઠાના જિલ્લાઓ અને દાહોદ, પંચમહાલ અને મહિસાગરના ગરીબીગ્રસ્ત આદિવાસી જિલ્લાઓમાં સક્રિયપણે કાર્યરત છે. આજે ઉત્થાન ગુજરાતના ૬ જિલ્લાના ૨૬૫ ગામોના ૧૨ લાખથી વધુ લોકોના જીવનને સીધી રીતે સ્પર્શે છે.

પોતાની શીખનું આદાન-પ્રદાન અને નવું જાણવાની ઉત્સુકતાને વેગ આપવા માટે ઉત્થાનનું નેતૃત્વ અને કાર્ય ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા અને અન્ય રાજ્યોના પાડોશી જિલ્લાઓ અને સમુદાયોની સાથે સાથે દક્ષિણ એશિયા અને સમગ્ર વિશ્વના આંદોલનો સુધી વિસ્તર્યું છે. વિવિધ સ્થાનિક સંસ્થાઓના સહયોગથી કેટલીક પ્રત્યક્ષ સિદ્ધિઓમાં નીચેની બાબતો સમાવિષ્ટ છે;

- "માહિતી" ની સ્થાપના, એક સ્વતંત્ર સમુદાય આધારિત સંસ્થા, જેણે પોતે અનેક સ્થાનિક સંસ્થાઓ શરૂ કરી છે.
- ૧૬,૫૦૦+ સભ્યપદ સાથે પાંચ ગ્રામીણ મહિલા સંગઠનોએ મૂળભૂત સ્વનિર્ભરતા તરફ એક પગલું ભર્યું છે.
- ૪૨,૭૦૦ થી વધુ મહિલાઓ/કુટુંબોને સંસાધનો - કાયદેસર જમીન, મિલકત, સામાજિક કલ્યાણ અને આજીવિકા યોજનાઓ અને ઘરેલું અને જાહેર હિંસાથી મુક્તિ જેવા અધિકારો મેળવવામાં મદદ કરી.
- જૈવિક વિવિધતા, ખાદ્ય અને પોષણ સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે ૧૨,૨૦૦ ઘરોને રસાયણમુક્ત, ટકાઉ ખેતી અપનાવવા અને મકાઈ, તુવેર, ડાંગર, ચણા, બાજરી, મગફળી, ઘઉં અને ફળોની સુધારેલી સ્થાનિક અને જૈવિક જાતોનો પરિચય કરાવવામાં આવ્યો.
- 30,000 હેક્ટર જમીન પર સંકલિત જળ સંસાધન વિકાસ દ્વારા લગભગ ૨૨,000 પરિવારોને સીધી મદદ કરી.
- જળ સંચયની ૧૪ પ્રકારની તકનીકો અમલમાં મૂકીને ૧,૨૦,000 થી વધુ ઘરોને પીવાના પાણીની ટકાઉ અને સમાન સુલભતા પ્રદાન કરવા માટે ક્ષમતા નિર્માણ અને સંસાધન નિર્માણ.
- ૨૫,000 પરિવારોને ખુલ્લામાં શૌચથી મુક્ત થવા માટે સુવિધા પૂરી પાડી. ભૌગોલિક, ક્ષમતા, હિતધારકના પ્રકાર અને ઘરની જરૂરિયાતોને આધારે આઠ પ્રકારની સ્વચ્છતા અને વ્યક્તિગત સ્વચ્છતા તકનીકોનું નિદર્શન કર્યું.

પ્રતિકૃતિ, અનુકૂલન અને ચળવળ નિર્માણની પ્રક્રિયા ચાલુ છે.

**ઉત્થાન આદાન-પ્રદાન કરવાની સાહજિક સંસ્કૃતિ ધરાવે છે:** સક્ષમ સ્થાનિક સંસ્થાઓના માધ્યમ દ્વારા અને રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે તેના પોતાના નેતૃત્વના સક્રિય જોડાણ દ્વારા. ઉત્થાનનો સશક્તિકરણ અંગેનો ગતિશીલ અભિગમ મહિલાઓ, પુરુષો અને યુવાનોમાં નેતૃત્વના નિર્ણાયક જૂથના નિર્માણમાં મહત્વપૂર્ણ રહ્યો છે. આ આદાન-પ્રદાનને આગળ વધારવામાં અનેક ઔપચારિક અને અનૌપચારિક, સમુદાય આધારિત સંસ્થાઓ મહત્વની ભૂમિકા ભજવે છે. આ સંસ્થાઓમાં મહિલા સંગઠનો, ક્રેડિટ સહકારી મંડળીઓ, ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ, આજીવિકા, શાંતિ, પાણી અને સ્વચ્છતા, વોટરશેડ મેનેજમેન્ટ અંગેના વિસ્તારગત સંસાધન જૂથોનો સમાવેશ થાય છે. યુવાઓના મુદ્દાઓ, આર્થિક સશક્તિકરણ, મહિલા જમીન અધિકારો, હિંસા પીડિતો માટે ન્યાય માટેની વૈકલ્પિક પદ્ધતિઓનો સમાવેશ થાય છે. જેમાંના કેટલાકમાં મહિલા અને પુરુષો બંનેનો અને કેટલાકમાં માત્ર મહિલાઓનો સમાવેશ થાય છે.

**રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે અસર:** રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે કરવામાં આવતી હિમાયત ઉત્થાનની સશક્ત સ્થાનિક ક્રિયાઓ અને પ્રદર્શનો અને નિદર્શનોનું પરિણામ છે. 'પ્રવાહ' , 'મહિલા સ્વરાજ અભિયાન' અને 'મહિલા અને જમીન માલિકી માટેનું કાર્યકારી જૂથ જેવા રાજ્ય સ્તરના નેટવર્કની સ્થાપનામાં મહત્વપૂર્ણ અને સક્રિય રહેવાથી - માનવ અધિકારો અને વિકાસ પ્રવચનમાં મોટાપાયે યોગદાન આપવામાં મદદ મળી છે. આંતરાષ્ટ્રીય સ્તરે સ્થાનિક ચિંતાઓ/ સમસ્યાઓ વિષયક અવાજ ઉઠાવવામાં ઉત્થાનનું નેતૃત્વ સક્ષમ છે, પછી ભલે તે વિશ્વ જળ મંચ અને મંત્રી પરિષદ, હેગ માર્ચ, ૨000 હોય, જેમાં ગુજરાતના વિઝન ૨૧ ને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા બહાલી આપવામાં આવી હતી અને ભારતમાં વિકેન્દ્રિત પાણી અને સ્વચ્છતાના સિસ્ટમની શરૂઆત કરવામાં આવી હતી તેમજ વિશ્વના શાંતિ નેતાઓની બર્લિન કોન્ફરન્સ, જ્યાં સ્થાનિક સંદર્ભો અને રણનીતિઓનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. વિવિધ રણનીતિઓ દ્વારા પ્રત્યક્ષ તકનીકી અને સામાજિક નિદર્શનોની સ્પષ્ટ ગુણક અસર ચોક્કસપણે દર્શાવે છે કે ઉત્થાન જેવું જૂથ કેવી રીતે સશક્ત રીતે પ્રભાવિત કરી શકે છે.

# ભાવિ દિશા

ઉત્થાન જેમ જેમ ભૂતકાળમાં જુએ છે અને આગળ જુએ છે તેમ તેમ, 'હાલના પ્રયત્નો અને પ્રભાવને વધુ ગાઢ બનાવવાની' અને 'સ્કેલિંગ અપ' ની બમણી રણનીતિ ઊભરી આવે છે, જ્યારે હજુ પણ નવીનતા, પ્રયોગો અને શીખવાને અત્યંત સુસંગત માનવામાં આવે છે. સમતા, ઉત્થાનનો હેતુ તરીકે રહેશે જ અને ઘર્ષણ રૂપાંતરના તમામ પ્રયત્નોમાં એક કડી તરીકે પણ રહેશે. સ્કેલિંગ અપ/બહોળા પાયા પર જવાની અમર્ત્ય સેનની વિભાવના - 'સ્વતંત્રતાનું વિસ્તરણ, બંને પ્રાથમિક અંત તરીકે અને વિકાસના મુખ્ય સાધન તરીકે' - ઉત્થાનની રુચિઓ અને ભવિષ્ય માટેની આકાંક્ષાઓને વાચા આપે છે.


## શરૂઆત

જ્યારે ચાર મહિલાઓએ ગુજરાતના નિર્જન ભાલ પ્રદેશમાં કામ કરવાનું પસંદ કર્યું ત્યારે વર્ષ ૧૯૮૧ માં ઉત્થાનની યાત્રા શરૂ થઈ, જેનાથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને આજીવિકાના નિર્ણાયક મુદ્દાઓ પર સ્વ-સંગઠિત થવામાં અને સ્થાનિક નેતૃત્વ વિકસાવવામાં મદદ મળી. ઉત્થાનનો હિન્દીમાં અર્થ થાય છે 'ઉભરના'. ઉત્થાને એક લોક ચળવળની શરૂઆત કરી. જેમાં નિયમિત, સલામત પીવાના પાણી માટેના લોકોના અધિકારોને સંબોધવા, તેમની આજીવિકાની સુરક્ષા માટે જાહેર જમીનનું રક્ષણ અને તે સુધીની એમની પહોંચ વધારવા, સ્થાનિક સ્તરે પિતૃસત્તા, સામંતશાહી શોષણ અને જ્ઞાતિના ભેદભાવોને પડકારવા માટે મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવાનો જોડાયાં. આ પ્રક્રિયા દરમિયાન ઉત્થાને 'માહિતી' (જ્ઞાન) તરીકે ઓળખાતી સમુદાય આધારિત સંસ્થાની રચના કરવામાં મદદ કરી, જે વર્ષ ૧૯૯૪ થી સ્થાનિક સ્તરે બળરૂપ રહી છે.



ઉત્થાન
Utthan

## ઉત્થાનની સીધી પહોંચ




**અમરેલી** – રાજુલા
**ભરૂચ** – વાલિયા
**ભાવનગર** – ભાવનગર, તળાજા, ઘોઘા, મહુવા
**દાહોદ** – ફતેપુરા, ધાનપુર, સંજેલી, ફતેપુરા, સિંગવડ, ઝાલોદ, લીમખેડા
**મહીસાગર** – સંતરામપુર, કડાણા
**પંચમહાલ** – મોરવા હડફ



# અભિગમ અને રણનીતિ

ગાંધીજીથી પ્રેરિત, ઉત્થાનના હસ્તક્ષેપો સમાજમાં બંધારણીય અધિકારો અને મૂલ્યોના અનુસરણ માટેના પડકારોને સંબોધવાનો પ્રયાસ કરે છે. ઉત્થાન, સમાનતા, લોકશાહી, સ્વતંત્રતા, બિનસાંપ્રદાયિકતા, સામાજિક ન્યાયના મૂલ્યો પર સ્થાપિત સમુદાય આધારિત, સમુદાયની આગેવાની આધારિત પરિવર્તનમાં વિકસિત એક સંશોધન છે. આ મૂલ્યોની અનુભૂતિ ઉત્થાનના દરેક ક્ષમતાના નિર્માણની એની દરેક પહેલને ટકાવી રાખવાના પ્રયાસને જોડે છે.

હાંસિયામાં ધકેલાઇ ગયેલા લોકો (દલિત, આદિવાસી, અન્ય પછાત વર્ગ, ધાર્મિક લઘુમતી અને આર્થિક રીતે ગરીબ સમુદાયોની મહિલાઓ, યુવાનો અને બાળકો) ની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વને પ્રોત્સાહન આપવું, માનવ અધિકારો, લૈંગિક ન્યાય અને સર્વસમાવેશક, ટકાઉ વિકાસને સુનિશ્ચિત કરવાં તે સંસ્થાના અભિગમના મુખ્ય ભાગરૂપ છે.

**રણનીતિઓ કે જે અમારા અનુભવ દ્વારા વિકસી છે અને સુસંગત બની છે**

- બહુવિધ, આંતરછેદીય સંદર્ભોમાં સ્થાનિક પડકારોનું સહભાગી પરિસ્થિતિ વિશ્લેષણ
- મુદ્દાઓ વિષયક જાગૃતિ અને સંગઠનાત્મક પ્રક્રિયા: સહભાગી સંચાર દ્વારા સમુદાયના આત્મવિશ્વાસનું નિર્માણ
- આગેવાનો અને માળખાંઓનું મજબૂતીકરણ: સામૂહિક રીતે પ્રાથમિકતા અને આયોજન
- શ્રેષ્ઠ પ્રયાસો અને વ્યવહારોનું નિદર્શન: સમુદાયનું જ્ઞાન અને નવીનતાઓ આધારિત સામાજિક અને તકનીકી વિકલ્પો.
- આદાન-પ્રદાન માટે ઉત્થાનની શીખોનું એકત્રીકરણ: તથા પ્રભાવ અને વૃદ્ધિની ક્ષમતાઓ ધરાવતી ટીમનું એક સંસાધન જૂથ તરીકે મજબૂતીકરણ
- વિવિધ સરકારી અને બિન-સરકારી હિતધારકો સાથે જોડાણો અને ભાગીદારી દ્વારા નીતિગત હિમાયત



## કાર્યક્રમો

ઉત્થાને સૂક્ષ્મ, બહોળા અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ હિતધારકો સાથે કામ કરવાની ક્ષમતાનું નિર્માણ કર્યું છે. જેમાં દરેક પ્રકાર અને દરેક સ્તરની શીખોને સંકલિત કરી છે. ઉત્થાનના કાર્યક્રમો એકબીજા સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલાં છે અને ગુજરાતમાં સામાજિક ન્યાય માટેની તેની યાત્રા દરમિયાન મુખ્ય મુદ્દાઓ તરીકે ઊભરી આવ્યાં છે.

## જેન્ડર સમતા અને મહિલા અધિકારો

ઔપચારિક અને અનૌપચારિક માળખાંઓ અને સંસ્થાઓમાં સમાવિષ્ટ પિતૃસત્તાક વલણને પડકારીને આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં રહેલી પહેલો સમાજમાં પ્રવર્તમાન અસમાનતાઓને સંબોધિત કરે છે. મહિલાઓ અને છોકરીઓના અધિકારોની સુરક્ષા અને સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરી ઉત્થાને સલામતી અને સુરક્ષાના અધિકાર, સંસાધન અધિકારો (જમીન, મિલકત, જંગલ, ધિરાણ), પાણી અને સ્વચ્છતાના અધિકાર, રાજકીય ભાગીદારી અને મૂળભૂત હકદારી જેવા મુદ્દાઓ પર ગહન કાર્ય કર્યું છે. સંસ્થાના દરેક કાર્યક્રમોમાં નારીવાદી અભિગમને ઊંડાણપૂર્વક સંકલિત કરવો એ ઉત્થાનની પ્રાથમિકતા છે.

## આજીવિકા સલામતી


આ કાર્યક્રમ થકી, હાંસિયામાં ધકેલાઈ ગયેલી મહિલાઓની આજીવિકા સલામતી અને જીવનની ગુણવત્તા વધારવા, ભૌતિક અને સામાજિક સંસાધનો સુધી તેમની પહોંચ અને નિયંત્રણ વધારવા, અને સૌથી અસરકારક આજીવિકાની પ્રવૃતિઓ વિષયક એમની સ્પષ્ટતા અને ક્ષમતાઓમાં વધારો કરવાનો સતત પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં આવક સંવર્ધન, અન્ન અને પોષણ સુરક્ષા, વાતાવરણીય બદલાવની પ્રતિકૂળ અસરો માટે અનુકૂલન અને શમન માટે નવીન વિકલ્પોના નિદર્શન દ્વારા આજીવિકાના સંસાધનોના સંરક્ષણ અને સંવર્ધન માટે જેન્ડર સંવેદનશીલ, સમાવિષ્ટ કુદરતી સંસાધન વ્યવસ્થાપનની પહેલો કરવામાં આવી છે વળી તેમાં ટકાઉપણું, સમતા અને લોક-કેન્દ્રિત અભિગમની કડીરૂપ બનવાનો હેતુ રહેલો છે.

## શાંતિ અને ન્યાય માટે ઘર્ષણ રૂપાંતરણ

રાજ્યમાં થતા ઘર્ષણોના પ્રતિભાવમાં, મહિલાઓ અને યુવાનો દ્વારા સાથે રહીને કામ કરવા અને દરેક પહેલમાં ન્યાય, સમતા અને શાંતિનો સમાવેશ કરવા માટે એક વ્યૂહરચના વિકસિત થઈ છે, જેથી આ મૂલ્યોનો સમાવેશ સમાજના ટકાઉપણા માટે કેટલો અગત્યનો છે, તે સમજી શકાય. બંધારણીય મૂલ્યોને સુદૃઢ કરવા મહિલાઓ અને યુવાનો થકી સમુદાય, પંચાયતો, પ્રભાવી નાગરિકો અને વિભિન્ન માળખાંઓ સાથે વિવિધ પહેલો કરી છે.









# સલામત પીવાનું પાણી, સ્વચ્છતા અને આરોગ્યરક્ષણ

આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં, જેન્ડર સંવેદનશીલ માળખાકીય તંત્ર અને તકનીકીઓ વિકસાવવામાં ઉત્થાનના મુખ્ય અનુભવો રહ્યાં છે, જે મહિલાઓના નેતૃત્વ અને આયોજન, અમલીકરણ અને દેખરેખમાં અને નીતિગત સ્તરે આ શીખોની પૂર્તિ કરવામાં સમુદાયની ભાગીદારીના વિચાર સાથે વણાયેલાં છે. સ્વચ્છતામાં વધારાનો અનુભવ ભૌગોલિક સ્થિતિ, વ્યક્તિઓની ક્ષમતા અને ટકાઉપણું અનુસાર તૈયાર કરવામાં શૌચાલયો થકી થયો. આ અનુભવોને હાલમાં પોતાના અને અન્ય જોડાણો થકી આગળ લઇ જવામાં આવી રહ્યાં છે.

# સંસ્થાકીય નિર્માણ અને નેતૃત્વ વિકાસ

આ કાર્યક્રમ અંતર્ગત બમણું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે; એક છે - શીખતી-શીખવતી સંસ્થા તરીકે ઉત્થાનને મજબૂત બનાવવું અને બીજું છે - સશક્તિકરણ અને સર્વસમાવેશક વિકાસ પ્રક્રિયાઓને સ્વતંત્ર રીતે ટકાવી રાખવાની ક્ષમતા સાથે સ્વનિર્ભર સ્થાનિક સંસ્થાઓનું નિર્માણ કરવું. એક સંસ્થા તરીકે, ઉત્થાને સામૂહિક નેતૃત્વનો ખ્યાલ દર્શાવ્યો છે અને ઉત્તરાધિકાર અને વૃદ્ધિને સક્રિયપણે સંબોધિત કરી છે.



# પાર્ટનરો

ઉત્થાનના મુખ્ય પાર્ટનરોમાં અમે જેની સાથે કામ કરીએ છીએ તે સમુદાયો અને તેમની સ્થાનિક સંસ્થાઓનો સમાવેશ થાય છે. ઉત્થાન ૧૬ થી વધુ એવા નેટવર્કો સાથે જોડાયેલાં છે જેઓ ખાસ વંચિત નાગરિકોના વિભિન્ન અધિકારોને વાચા આપે છે અને એવા માળખાંઓ સાથે રહીને સ્થાનિક સ્વશાસન, વહીવટી અને નીતિ ઘડનારા માળખાંઓ સમક્ષ વંચિત સમુદ્દાયોના અધિકારો અને હકો પર અસર કરતાં મુદ્દાઓને બહાર લાવે છે.

# પુરસ્કાર

- ઇન્ટરનેશનલ વોટર એસોસિએશન (IWA) વુમન ઇન વોટર એવોર્ડ, ૨૦૨૦: નફીસા બારોટ, સ્થાપક ટ્રસ્ટી અને માર્ગદર્શકને એનાયત
- કોરોના રાહત કાર્ય બદલ સામુદાયિક સરાહના: કુડા ગ્રામ પંચાયત, ઘોઘા તા., ભાવનગર જિલ્લો, ગુજરાત દ્વારા ઉત્થાનને ૧૫ ઓગસ્ટ ૨૦૨૧ એ એનાયત.
- વુમન ઓફ સબસ્ટન્સ: કવિતા મહેતા ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા જોઈન્ટ સી.ઈ.ઓ, પલ્લવી સોબતી રાજપાલને ૮ મી માર્ચ ૨૦૨૧ એ કદર સ્વરૂપે.
- શ્રેષ્ઠ પ્રદર્શન અને ઉત્કૃષ્ટ કાર્ય કરનાર વોટરશેડ વિકાસ કાર્યક્રમ બદલ નાબાર્ડ દ્વારા એવોર્ડ, વર્ષ ૨૦૧૮-૧૯
- સર્વશ્રેષ્ઠ સ્ટેટ નોડલ એજન્સી અને સર્વશ્રેષ્ઠ પરફોર્મન્સ એવોર્ડ, વિકાસપીડિયા, સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઇન એડવાન્સ કોમ્પ્યુટિંગ: વર્ષ ૨૦૧૪ - ૧૫ અને વર્ષ ૨૦૧૫-૧૬.
- રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ પુરસ્કાર, ભારતીય ખાદી ગ્રામ ઉદ્યોગ, ભારત: ૨૦૦૮.
- ટી.એન ખુશુ મેમોરિયલ એવોર્ડ, આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે સમુદાયો સાથે કામ કરવા બદલ, ૨૦૦૫





# ઉત્થાનનું ટ્રસ્ટી બોર્ડ

**શ્રી. વિજય પરમાર**
મેનેજિંગ ટ્રસ્ટી, જનવિકાસ

**શ્રી. અશોક ચેટરજી**
નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઇનના ભૂતપૂર્વ નિયામક

**સુશ્રી. નફીસા બારોટ**
ઉત્થાન સંસ્થાના ભૂતપૂર્વ નિયામક અને સંસ્થાપક

**સુશ્રી. નીલિમા ખેતાન**
મેનેજિંગ પાર્ટનર, નુસ કન્સલ્ટન્ટ

**શ્રી. બિનોય આચાર્ય**
ઉન્નતિ, અમદાવાદના નિયામક

**ડૉ. સુદર્શન આયંગર**
ગુજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ ઉપકુલપતિ

**ડૉ. સારા એહમદ**
સહાયક પ્રોફેસર, જળ સંશોધન કેન્દ્ર,
માનવતા અને સામાજિક વિજ્ઞાન વિભાગ, IISER, પુણે

**પ્રો. અલકા પરીખ**
એમિટી યુનિવર્સિટી, મુંબઈ અને બેનેટ યુનિવર્સિટી, નોયડાના ભૂતપૂર્વ અધ્યક્ષ

ઉત્થાન બોમ્બે પબ્લિક ટ્રસ્ટ, એક્ટ ૧૯૫૦ હેઠળ વર્ષ ૧૯૮૧ માં નોંધાયેલું એક પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ છે. ઉત્થાનને મળતું દાન આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૮૦-જી હેઠળ આવકવેરાથી મુક્ત છે. વિદેશી દાન પણ વિદેશી યોગદાન નિયમન અધિનિયમ હેઠળ નોંધણી મુજબ અધિકૃત છે.






ઉત્થાન
Utthan

ન્યાય, ગૌરવ અને આશાની શોધ

**રજિસ્ટર્ડ ઓફિસ:**
ઉત્થાન, ૩૬, ચિત્રકૂટ ટ્વીન્સ, નહેરુ પાર્ક,
મેનેજમેન્ટ એન્કલેવની પાસે, વસ્ત્રાપુર,
અમદાવાદ, ગુજરાત, ભારત

+91.79.26751023

www.utthangujarat.org
contact@utthangujarat.org

રજીસ્ટ્રેશન નંબર. એફ /૭૫૭/અમદાવાદ.